# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય ઉર્જા એવોર્ડ અર્પણ કર્યા.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે.
3. મધ્યપ્રદેશનું વીરાંગના દુર્ગાવતી વાઘ અભયારણ્ય ચિત્તાઓ માટે નવું ઘર બનશે.
4. હિંસાના પગલે બાંગ્લાદેશ ચૂંટણી પંચે તેના ઉચ્ચ અધિકારીઓ અને કાર્યાલયો ઉપર સલામતીની વધુ વ્યવસ્થાની માંગણી કરી.
5. ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઇમાં રમાઇ રહેલી એશિયા કપ અંડર -19 ક્રિકેટ મેચમાં ભારતનો પહેલો દાવ.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ-ENERGY CONSERVATION DAY

આજે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ છે. દર વર્ષે આજ રોજ ઉર્જા સંરક્ષણના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને ઉર્જા કાર્યક્ષમતામાં રાષ્ટ્રની સિદ્ધિઓને ઉજાગર કરવા માટે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ પુરસ્કારો **2025** અને ઉર્જા સંરક્ષણ પર રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા **2025** ના વિજેતાઓનું સન્માન કર્યું. સભાને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ઉર્જા સંરક્ષણ હવે માત્ર એક વિકલ્પ નથી પરંતુ વર્તમાન સમયની જરૂરિયાત છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ભાર મૂક્યો કે ઉર્જાનો દરેક એકમ બચાવ પ્રકૃતિ પ્રત્યે જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે અને ભવિષ્યની પેઢીઓ માટે કાળજી અને સંવેદનશીલતા દર્શાવે છે.

**(બાઇટ – રાષ્ટ્રપતિ ઉર્જા)**

રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ભારતે ઉર્જા સંરક્ષણ અને સ્વચ્છ ઉર્જા સંક્રમણના ક્ષેત્રોમાં નોંધપાત્ર પગલાં લીધાં છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે દેશે નિર્ધારિત સમયમર્યાદા પહેલા તેની સ્વચ્છ ઉર્જા પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી છે , જે ઉર્જા કાર્યક્ષમતા અને ડીકાર્બોનાઇઝેશનની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

**(બાઇટ – રાષ્ટ્રપતિ એકોનોમી)**

# MORN.PM- JORDAN ECONOMIC COOPERATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે. પ્રથમ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે જોર્ડનની બે દિવસીય મુલાકાતે જશે. તેમની મુલાકાત જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીય બિન અલ હુસૈનના આમંત્રણ પર થઈ રહી છે. આ મુલાકાત ભારત અને જોર્ડન વચ્ચેના રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ સાથે સુસંગત છે.

ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે , બંને દેશો વચ્ચેનો કુલ વેપાર આશરે બે અબજ 80 કરોડ ડોલરનો છે.

મુલાકાતના બીજા તબક્કામાં શ્રી મોદી 16 ડિસેમ્બરે ઇથોપિયા જશે. પ્રધાનમંત્રી મોદી ઇથોપિયાના પ્રધાનમંત્રી અબીય અહેમદ અલી સાથે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.

મુલાકાતના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી મોદી 17 ડિસેમ્બરે ઓમાન જશે. પ્રધાનમંત્રી સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. પ્રધાનમંત્રીની ઓમાન મુલાકાત દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-JORDAN-AMBASSADOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોર્ડન અને ભારત વચ્ચેના રાજદ્વારી સંબંધોના 75 વર્ષ પૂરા થવાના પ્રસંગે આવતીકાલે જોર્ડનની બે દિવસીય મુલાકાતે જશે. ફોસફેટ જેવા ઉર્જા સ્ત્રોતોથી લઈને ભારતના કૃષિ અને ઊંડા સાંસ્કૃતિક સંબંધો સુધી, આ ભાગીદારી વધુ મજબૂત બનવા માટે તૈયાર છે. જોર્ડનમાં ભારતીય રાજદૂત મનીષ ચૌહાણે આ મુલાકાતને વેપાર , ખાદ્ય સુરક્ષા અને લોકો વચ્ચેના સંબંધો માટે એક ઐતિહાસિક ક્ષણ ગણાવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MP - CHEETAH

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું છે કે આફ્રિકાથી કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં મોટી બિલાડીઓના સફળ સ્થળાંતરને પગલે , આવતા વર્ષે ચોમાસા પહેલા રાજ્યમાં વીરાંગના દુર્ગાવતી વાઘ અભયારણ્ય ચિત્તાઓ માટે નવું ઘર બનશે. રાજ્ય મંત્રીમંડળે સાગર જિલ્લાના નૌરાદેહી ખાતે સ્થિત વીરાંગના દુર્ગાવતી વાઘ અભયારણ્યને વિશ્વના સૌથી ઝડપી પ્રાણી માટે રાજ્યમાં ત્રીજા નિવાસસ્થાન તરીકે વિકસાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સપ્ટેમ્બર 2022 માં શ્યોપુરમાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાન (KNP) ખાતે ચિત્તા માટેનું પહેલુ નિવાસસ્થાન ખોલવામાં આવ્યું હતું, અને આ વર્ષે એપ્રિલમાં મંદસૌરના ગાંધી સાગર અભયારણ્યમાં બીજું ચિત્તા નિવાસસ્થાન શરૂ કરાયુ હતું.

ચિત્તા પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતા, શ્રી યાદવે કહ્યું, ભારત અને ભારતમાં મધ્યપ્રદેશ, વિશ્વમાં એકમાત્ર એવી જગ્યા છે જ્યાં ચિત્તા પુનર્વસન સફળ થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AIR FORCE LECTURE

ભારતીય વાયુસેના સંગઠન ગુજરાત શાખાએ આજે ગાંધીનગરના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ સેન્ટર ખાતે વાર્ષિક સ્મારક વ્યાખ્યાનનું આયોજન ફ્લાઈંગ ઓફિસર નિર્મલ જીત સિંહ સેખોન, પીવીસીના બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે કરવામાં આવ્યું હતું. 14 ડિસેમ્બર, 1971 ના રોજ ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન રાષ્ટ્રની રક્ષા કરતી વખતે સેખોને પોતાનું બલિદાન આપ્યુ હતુ.

આ કાર્યક્રમનો હેતુ નાગરિક સમાજ , વિદ્યાર્થીઓ અને સંરક્ષણ વ્યાવસાયિકોમાં રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ તૈયારીઓ અને વ્યૂહાત્મક બાબતો પર જાગૃતિ લાવવાનો છે. આ પ્રસંગે પદ્મ વિભૂષણ અર્જન સિંહ ડીએફસી , ભારતીય વાયુસેનાના માર્શલ , એર માર્શલ નાગેશ કપૂર , ભૂતપૂર્વ એર માર્શલ પી.કે. દેસાઈ પીવીએસએમ અને એવીએસએમ , ભૂતપૂર્વ લેફ્નન્ટ જનરલ દુષ્યંત સિંહ પીવીએસએમ-એવીએસએમ અને ભૂતપૂર્વ એર વાઇસ માર્શલ અનિલ ગોલાની જેવા અનુભવી અધિકારીઓ હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ લેફ્ટનન્ટ જનરલ દુષ્યંત સિંહે પણ સમજાવ્યું કે હાલમાં, 56 દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે , ત્યારે ભારતે હાલમાં જ પાકિસ્તાનને પદાર્થ પાઠ શિખવાડવા કરેલા ઓપરેશન સિંદૂરની સફળતાની ચર્ચા કરવામા આવી હતી.. વાયુસેનાની કામગીરી અંગે પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

## BANGLADESH - EC SECURITY

**બાંગ્લાદેશના ચૂંટણી પંચે 13મી રાષ્ટ્રીય સંસદીય ચૂંટણીના સમયપત્રકની જાહેરાત બાદ ફરી એકવાર સર્જાયેલી અશાંતિની સ્થિતીનો ઉલ્લેખ કરીને દેશભરમાં તેના ટોચના અધિકારીઓ અને કાર્યાલયો માટે વધારાની પોલીસ સુરક્ષા માંગણી કરી છે. સાંભળીએ એક અહેવાલ**

**(વોઇસ કાસ્ટ – નવલસંગ પરમાર)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ASIA CUP U-19 CRICKET

દુબઈના આઈસીસી એકેડેમી ગ્રાઉન્ડ ખાતે અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૫ ક્રિકેટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. અગાઉ, પાકિસ્તાને ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. વરસાદને કારણે ટોસમાં વિલંબ થયો હતો અને મેચ ૪૯ ઓવરની કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET - IND SA T20

ક્રિકેટમાં ભારત આજે સાંજે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની ત્રીજી T20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. 5 મેચની શ્રેણી હાલમાં 1-1 થી બરોબર છે.

શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનઉમાં રમાશે , જ્યારે અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . . .

# J&K: ARMY VIGIL

જમ્મુ અને કાશ્મીરમાં શિયાળા દરમિયાન ઘૂસણખોરી અટકાવવા અને નિયંત્રણ રેખા પર સંવેદનશીલ વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા માટે સેનાએ જમ્મુના ઉપરના ભાગોમાં પેટ્રોલિંગ તીવ્ર બનાવ્યું છે. સેનાએ ઊંચી ટેકરીઓ , ગાઢ જંગલો અને પર્વતીય માર્ગોમાં પોતાની હાજરી વધારી છે જેથી આતંકવાદીઓ ધુમ્મસ , ધુમાડો અને નાગરિકોની ગતિવિધિમાં ઘટાડાને કારણે ઘૂસણખોરી ના કરી શકે. સરહદ પાર કર્યા બાદ ઘૂસણખોરો ઘણીવાર રાજૌરી અને પૂંચ જિલ્લામાં પર્વતીય ગુફાઓમાં છુપાઈ જાય છે.

સેના આધુનિક સાધનો , ડ્રોન અને સેન્સરનો ઉપયોગ કરીને મુખ્ય માર્ગો અને પરંપરાગત ઘૂસણખોરીના માર્ગો પર કડક દેખરેખ રાખી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .